(સને૧૯૭૩ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ૩૫૫ મુજબનો ચુકાદો)
અમદાવાદના મહે. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટસાહેબશ્રીની
કોર્ટ સમક્ષ

આંક :–૩

(અ). કેસનો અનુક્રમ નંબર :– ૧૫૬૬૯/૧૯

(બ). ગુન્હો બન્યાની તારીખ :– ૧૬/૨/૨૦૧૯

(ક). ફરીયાદીનું નામ :– શ્રી સરકાર

(ડ). આરોપીઓના નામ અને સરનામું.:– ધમેન્દ્ર શંભુ વર્મા
ઉં.વ.૨૨
રહે.ઘીવાળી ચાલી,ચમનપુરા ચકલા,
મેઘાણીનગર,અમદાવાદ.

(ઈ). ફરીયાદમાંનો આરોપ અથવા સાબીત :– ઈ.પી.કો.કલમ–૨૮૩ મુજબ.
થયેલો આરોપ.

(ફ). આરોપીઓનો જવાબ અને તપાસણી :–

સવાલ– તમોને ફરીયાદની હકીકતો વાંચી સંભળાવી તેમાં જણાવેલ ગુન્હો તમે કબુલ કરો છો કે બચાવ કરવો છે ?

જવાબ–મને ગુનો કબુલ છે.

..........................................

મારી રૂબરૂ,

તા.૧૪/૯/૨૦૧૯.

ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.

(૧). આ કામમાં શાહીબાગ પો.સ્ટેશન દ્વારા આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.કલમ–૨૮૩ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ કલમ ૨૦૭ અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે. આરોપીએ ત્યારબાદ સ્પેશીયલ સીટીગમાં ગુનો કબુલાત પુરસીસ આંક–૨ થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે આંક–૩ થી પ્લી/ નિવેદન લેતાં તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨). સજા બાબતે આરોપીને સાંભળતા.આરોપીએ આ તેમનો પ્રથમ ગુનો છે તેમ જણાવે છે અને તેઓ કુટુંબકબીલવાળા માણસ છે તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહિ કરવા ખાત્રીઆપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩). આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ઘ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

::: હુ ક મ :::

આરોપીને ક્રિ. પ્રો. કોડ કલમ ૨૫૨ હેઠળ ઈ.પી.કો. કલમ–૨૮૩ ના ગુના માટે તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/–(અંકે રૂપીયા એકસો ) પુરા દંડ કરવામાં આવે છે.જો દંડ ના ભરે તો આરોપીને ૨ દિવસ સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.

તા.૧૪/૯/૨૦૧૯.

(એ.વાય.દવે)
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.
કોડ નં.GJ00451